# PM interacts with SAARC leaders to combat COVID-19 in the region

March 15, 2020

## પ્રાંતમાં કોવિડ-19 નો સામનો કરવા માટે વડાપ્રધાન સાર્ક આગેવાનો સાથે આદાન-પ્રદાન કરે છે

માર્ચ 15, 2020

વડાપ્રધાન સાર્ક દેશો માટે કોવિડ-19 આપાત્તકાલિન ભંડોળની સ્થાપના કરવાનો પ્રસ્તાવ રાખે છે

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પ્રાંતમાં કોવિડ-19 નો સામનો કરવા માટે સામાન્ય વ્યૂહરચનાની રૂપરેખા નક્કી કરવા માટે વિડીયો કોન્ફરન્સ મારફત સાર્ક દેશોનાં નેતાઓ સાથે આદાન-પ્રદાન કર્યું હતું.

### સધિયારો ઈતિહાસ - સામૂહિક ભવિષ્ય

આટલી ટૂંકી સૂચના પર કોન્ફરન્સમાં જોડાવા બદલ વડાપ્રધાને આગેવાનોનો આભાર માન્યો હતો. સાર્ક દેશોનાં પ્રાચીન લોકોનાં જોડાણો અને સમાજોનાં આંતરજોડાણો પર ભાર મૂકતા, તેઓએ કહ્યું કે  સાથે મળીને પડકારનો સામનો કરવા તૈયાર રહેવું રાષ્ટ્રો માટે અનિવાર્ય છે.

### આગળનો માર્ગ

સહયોગની ભાવના સાથે, વડાપ્રધાન શ્રી મોદીએ તમામ દેશૌનાં સ્વૈચ્છિક યોગદાનોનાં આધાર પર કોવિડ-19 આપાત્તકાલિન ભંડોળનાં નિર્માણનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેમાં ભંડોળ માટે ભારત યુએસ $10 મિલિયનનાં પ્રારંભિક યોગદાન કરશે. આ ભંડોળનો ઉપયોગ તાત્કાલિક પગલાઓનાં ખર્ચાઓ પહોંચી વળવા માટે સહયોગી દેશોમાંથી કોઈપણ કરી શકે છે. તેઓએ જણાવ્યું હતું કે ભારત ટેસ્ટિંગ કિટ અને અન્ય સાધનો સાથેની ડૉક્ટરો અને નિષ્ણાંતોની ઝડપી પ્રતિભાવ ટૂકડીની રચનાં કરી રહ્યું છે, જે કામગીરી માટે તૈયાર રાખવામાં આવશે અને જરૂર પડ્યે દેશોમાં તૈનાત કરવામાં આવશે.

વડાપ્રધાને પાડોશી દેશોની આપાત્તકાલિન પ્રતિભાવ ટૂકડીઓ માટે ઓનલાઈન તાલિમ કેપ્સ્યુલો માટે વ્યવસ્થા કરવાની અને સંભવિત વાઈરસ વાહકો અને તેઓનાં સંપર્કમાં આવેલા લોકોને શોધી કાઢવામાં મદદરૂપ થવા ભારતનાં ઈન્ટીગ્રેટેડ ડિસીઝ સર્વેલન્સ પોર્ટલ પાછળ કાર્યરત સોફ્ટવેરને શેર કરવાની પણ ઑફર કરી હતી. તેઓએ સૂચવ્યું હતું કે સાર્ક ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટર જેવા પ્રવર્તમાન તંત્રોનો શ્રેષ્ઠ પ્રથાઓને એકત્રિત કરવા માટે ઉપયોગ કરી શકાય છે.

તેઓએ દક્ષિણ એશિયાઇ પ્રાંતમાં ઉપદ્રવી રોગોનાં નિયંત્રણ પરનાં સંશોધનનાં સંકલન માટે સામાન્ય સંશોધન મંચની રચના કરવાનું પણ સૂચવ્યું હતું. કોવિડ-19 નાં લાંબા-ગાળાનાં આર્થિક પરિણામો પર અને તેની અસરોથી આંતરિક વ્યાપાર અને સ્થાનિક મૂલ્ય શૃંખલાઓ કેવી રીતે શ્રેષ્ઠ રીતથી દૂર કરવા તેનાં પર નિષ્ણાંતો દ્વારા આગળનાં મનોમંથન કરવાનું પણ સૂચવ્યું હતું.

પ્રસ્તાવ રાખવામાં આવેલી પહેલો માટે આગેવાનોએ વડાપ્રધાનનો આભાર માન્યો હતો. વડાપ્રધાને સાથે મળીને લડવાનાં સંકલ્પનું પુનઃઉચ્ચારણ કર્યું હતું અને કહ્યું હતું કે સાર્ક દેશો દ્દનવારા પાડોશva સહકાર વિશ્વ માટે એક નમુના તરીકે સેવા આપવો જોઈએ.

## અનુભવની આપ-લે કરવી

વડાપ્રધાને કહ્યું કે ભારત માટે માર્ગદર્શક મંત્ર “તૈયારી કરવી, પરંતુ ગભરાવું નહીં” રહ્યો છે. તેઓએ વર્ગીકૃત પ્રતિભાવ યંત્રણા, દેશમાં પ્રવેશતા લોકોની ચકાસણી, ટીવી, પ્રિન્ટ અને સોશિયલ મીડિયા પર જાહેર જાગૃતિ અભિયાનો, નિર્બળ જૂથો સુધી પહોંચવાનાં વિશેષ પ્રયાસો, મહામારીનાં વ્યવસ્થાપનનાં દરેક તબક્કા માટે નિદાનાત્મક સુવિધાઓ વધારવી અને પ્રોટોકોલ વિકસાવવા સહિતનાં લેવામાં આવેલા સક્રિય પગલાઓ રજૂ કર્યા હતા.

તેઓએ કહ્યું હતું કે ભારતે સફળતાપૂર્વક લગભગ 1400 ભારતીયોનું વિવિધ દેશોમાંથી સ્થળાંતરણ કરીને પરત લાવ્યા એટલું જ નહીં પરંતુ ‘પાડોશ પ્રથમ નીતિ’ અનુસાર પાડોશી દેશોનાં કેટલાક નાગરિકોનું પણ સ્થળાંતરણ કરીને પરત લાવવામાં આવ્યા છે.

રાષ્ટ્રપતિ અશરફ ગનીએ કહ્યું હતું કે અફઘાનિસ્તાનની સૌથી મોટી નિર્બળતા ઈરાન સાથેની ખુલ્લી સીમા છે. તેઓએ ટેલીમેડિસીન માટે પ્રસરણ પેટર્ન, સામાન્ય ફ્રેમવર્કનાં નિર્માણનાં નમુનાને તથા પાડોશી દેશોમાં વધારે સહકારનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો.

રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ મોહમદ સોલિહે કોવિડ-19 કેસોનો સામનો કરવા ભારતમાંથી મોકલવામાં આવેલી તબીબી સહાયતા માટે અને વુહાનથી નવ માલદીવનાં નાગરીકોને સ્થળાંતરિત કરીને લાવવા બદલ ભારત સરકારનો આભાર માન્યો હતો. તેઓએ દેશમાં પ્રવાસન પર કોવિડ-19 નાં નકારાત્મક પ્રભાવ પર અને દેશની અર્થવ્યવસ્થા પર તેની અસર પર પ્રકાશ પાડ્યો હતો. તેણે પ્રાંત માટે દેશોની આરોગ્ય આપાત્તકાલિન એજન્સીઓ વચ્ચે નજીકનો સહકાર, આર્થિક રાહત પેકેજની રચના અને લાંબા-ગાળાનાં રીકવરી પ્લાનનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો.

રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજાપક્ષે ભલામણ કરી હતી કે મુશ્કેલ સમયગાળામાં અર્થશાસ્ત્રને પરત વેગવાન બનાવવા મદદ કરવા માટે સાર્ક આગેવાનોએ સાથે મળીને કામ કરવું જોઈએ. તેઓએ એવી પણ ભલામણ કરી હતી કે

કોવિડ-19 નો સામનો કરવા માટે શ્રેષ્ઠ પ્રથાઓનું આદાન-પ્રદાન કરવા અને પ્રાંતિય બાબતોનું સંકલન કરવા માટે સાર્ક મંત્રી સ્તરનાં જૂથની સ્થાપન  કરવી જોઇએ.

વડાપ્રધાન શેખ હસિનાએ ક્વોરેન્ટાઇન સમયગાળા દરમિયાન વુહાનથી ભારતીય વિદ્યાર્થીઓની સાથે 23 બાંગ્લાદેશી વિદ્યાર્થીઓને પરત લાવવા બદલ વડાપ્રધાન મોદીનો આભાર માન્યો હતો. તેણીએ પ્રાંતનાં આરોગ્ય મંત્રીઓ અને સચિવો વચ્ચે વિડીયો કોન્ફરન્સ મારફત ટેકનિકલ સ્તર પર સંવાદ ચાલું રાખવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો.

વડાપ્રધાન કેપી શર્મા ઓલિ દ્વારા કોવિડ-19 નો સામનો કરવા માટે નેપાળ દ્વારા લેવામાં આવેલા પગલાઓ અંગે સાર્ક આગેવાનોને માહિતગાર કરવામાં આવ્યા હતા. તેઓએ કહ્યું હતું કે તમામ સાર્ક રાષ્ટ્રોની સહિયારી બુદ્ધિ અને પ્રયાસો મહામારીનું નિરાકરણ લાવવા માટે મજબૂત અને અસરકારક વ્યૂહરચના ઘડી કાઢવામાં મદદ કરી શકે છે.

વડાપ્રધાન ડૉક્ટર લોટે ત્સેરિંગે કહ્યું હતું કે મહામારી ભૌગૌલિક સીમાઓનું પાલન નથી કરતી, અને તેથી સાથે મળીને રાષ્ટ્રોએ કાર્ય કરવું વધારે મહત્વપૂર્ણ બાબત છે. તેણે કહ્યું હતું કે કોવિડ-19 ની આર્થિક અસર વિશે બોલીએ તો મહામારી નાની અને નિર્બળ અર્થવ્યવસ્થાઓને અપ્રમાણસર અસરગ્રસ્ત કરશે.

ડૉક્ટર ઝફર મિર્ઝાએ પ્રસ્તાવ રજૂ કર્યો હતો કે વાસ્તવિક સમયમાં આરોગ્યની માહિતી, ડેટાનું આદાન-પ્રદાન અને સંકલન માટે સાર્ક સચિવાલયને રાષ્ટ્રિય સત્તાધિકારીતાઓનાં કાર્યકારી જૂથની સ્થાપના કરવી અનિવાર્ય બનાવવી જોઇએ.

**DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.**